Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

શ્રી જૈન ધર્મ પ્રકાશ



વીર સં. ૨૪૯૪
વિ. સં. ૨૦૨૪
ઈ. સ. ૧૯૬૮

વૈશાખ—જેઠ

પુસ્તક ૮૪ મું
અંક ૭-૮
૫ મે

(૧૧૭) एवं भवसंसारे संसरइ, सुहासुहेहिं कम्मेहिं ।
जीवो पमायबहुलो, समयं गोयम ! मा पमायए ॥५॥

૧૧૭. સારી અને નરસી પ્રવૃત્તિઓ દ્વારા પડેલા વિવિધ સંસ્કારોને લીધે ભારે પ્રમાદી બનેલો પ્રાણી એ પ્રમાણે આ જગતમાં વારંવાર જન્મજન્માંતર પામતો ફર્યા કરે છે. માટે હે ગૌતમ ! એક ક્ષણ સારુ પણ પ્રમાદ ન કર.

—મહાવીરવાણી

: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૪ મુ :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

अनुक्रमणिका

૧	શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો ત્રીજો-લેખાંક : ૩૦	(સ્વ. મૌક્તિક)	૩૭
૩	જપ અને ધ્યાન : (લેખાંક ૧૬)	(દીપચંદ જીવણલાલ શાહ)	૪૫
૩	રોગી મનુષ્યોએ વિચારવા જેવું	....	૫૭
૪	'પુરૂષાદાનીય' પાર્શ્વનાથનાં ૧૦૦૮ નામો	(પ્રો. હીરાલાલ ર. કાપડીયા)	૫૮
૫	હિંસાનો એક સૂક્ષ્મ પ્રકાર	....	૫૯
૬	અનુકૂલ ઉપસર્ગોની ભયંકરતા	(સ્વ. બાલચંદ હીરાચંદ)	૬૦
૭	પુસ્તકોની પહોંચ	....	ટા. ૩-૪

પાલીતાણામાં ઉજવાયેલ સત્કાર સમારંભ

આપણી સભાના પ્રમુખ શ્રીયુત શેઠશ્રી ભોગીલાલ મગનલાલના પ્રમુખપણા નીચે શ્રીયુત્ શિવજીભાઈ કલામંદિર ટ્રસ્ટે સેવાભાવી કાર્યકરો (૧) શ્રીયુત્ ગુલાબચંદ લલ્લુભાઈ (૨) શ્રીયુત પોપટલાલભાઈ (૩) ડોકટર બાવીશી (૪) શ્રીયુત્ ફૂલચંદભાઈનો પાલીતાણામાં જાહેર સત્કાર કરવા માટે સમારંભ યોજેલ હતો.

માનપત્રોનું વાંચન અનુક્રમે (૧) શ્રીયુત બેચરલાલભાઈ (૨) શ્રીયુત્ બગડીયા સાહેબ (૩) શ્રીયુત મહેતા સાહેબ અને (૪) શ્રીયુત નટુભાઈ શાહે કર્યું હતુ. ત્યારબાદ અનુક્રમે દરેક કાર્યકરને પ્રમુખશ્રીના શુભ હસ્તે ચાંદીના કાસ્કેટમાં મઢેલું માનપત્ર, કિંમતી શાલ, અને સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા.

(૧) શ્રીયુત્ ગુલાબચંદ લલ્લુભાઈ ભાવનગર જૈન સંઘ, શ્રી આત્માનંદ સભા અને શ્રી યશોવિજય ગ્રંથમાળાના મુખ્ય કાર્યકર છે. તેઓને પરિગ્રહ પ્રમાણનું વ્રત હોવાથી અમુક વર્ષો પહેલાં સારી આવક આપતો હોવા છતાં પણ વિશાળ મહોદય પ્રેસ વેચી નાંખ્યો હતો. (૨) શ્રીયુત્ પોપટલાલભાઈ પાલીતાણાના પીઢ કાર્યકર છે. (૩) ડોક્ટર બાવીશી લગભગ અઠ્ઠાવીશ વર્ષથી પાલીતાણાની ઘણી સંસ્થાઓમાં સેવા આપે છે તે ઉપરાંત જૈન માસિકોમાં સુંદર અને આકર્ષક લેખો લખે છે. (૪) શ્રીયુત ફૂલચંદભાઈ દોશીએ પાટણ જૈન બોર્ડિંગ, પાલીતાણા ગુરૂકૂળ અને બાલાશ્રમ વગેરેમાં ગૃહપતિ તરીકે સુંદર કાર્ય કરેલ છે. તેમણે પચ્ચીશ જેટલા ગ્રંથો લખ્યા છે અને લોકો પર પ્રભાવ પાડે તેવા સુંદર વક્તા છે. વળી આ વર્ષે "ધાર્મિક શિક્ષણ કેવું અપાવું જોઈએ" તે સંબંધી નિબંધ હરિફાઈમાં લગભગ બાણુ હરીફોમાં પહેલે નંબરે રૂા. ચારસોનું ઈનામ મેળવેલ છે.

જૈન સમાજમાં ઘણું કરીને શ્રીમંતોને તેમની ઉદારતા માટે માનપત્ર આપવામાં આવે છે તે વખતે જૈન સમાજના કાર્યકરોનું સન્માન કરવાનું ટ્રસ્ટે વિચાર્યું તે અનુમોદનીય અને પ્રશંસનીય છે અને જૈન સમાજના અન્ય કાર્યકરોને પ્રેરણા મળે તેવું છે, વળી આવા સત્કાર સમારંભોથી જૈન કાર્યકરોની સેવાભાવના વિકસિત થશે.

આ સત્કાર સમારંભમાં અતિથિ વિશેષ તરીકે શ્રીયુત્ પોપટલાલ આર. શાહ હાજર રહ્યા હતા અને લગભગ પીસ્તાલીસ મીનિટ સુધી સુંદર પ્રવચન આપ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૪ મું
અંક ૭-૮

વૈશાખ-જેઠ

વીર સં. ૨૪૯૪
વિક્રમ સં. ૨૦૨૪

શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૩ જો :: લેખાંક : ૩૧

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

મહાવીરે પોતાને મળતો સમય સામાયિક કરવામાં અને તેને અંગે તત્ત્વવિચારણામાં પસાર કર્યો એમ આપણે ઉપર જોઈ ગયા છીએ, તેમાં એટલો ફેરફાર છે કે તેઓ બ્રાહ્મણની મહત્તા તોડવાને અંગે અને વર્ણાશ્રમનો વિરોધ કરવાને અંગે કોઇ કોઇવાર વાદવિવાદ પણ કરતા, કોઇવાર અન્ય સાથે ચર્ચામાં પણ ઊતરી જતા અને કોઇવાર પોતાનો મત બતાવવાનો પ્રસંગ મળે તેનો ઉપયોગ પણ કરતા આ રીતે ગૃહસ્થધર્મને અંગે તેઓ જે વિશુદ્ધ ભૂમિકા પ્રાપ્ત કરવાના હતા તેને સંમાર્જી શુદ્ધ કરી રહ્યા હતા. આવું આદર્શ ગૃહસ્થજીવન પછી સર્વ સંગ ત્યાગ (દીક્ષા)માં પરિણમે ત્યારે તે કેવું સુંદર કામ કરે તે વિચારવું સહેલું છે અને તેની કલ્પના ભવ્ય છે. આ ભાવી ભદ્ર મહાત્માએ પોતાનો કેટલોક સમય ભૂમિકાની વિશુદ્ધિ કરવાને અંગે વાપર્યો એમ તેઓના ભવિષ્યના કાર્યથી અને તેની લોકપ્રિયતાથી જણાઈ આવે છે. લોકોમાં વર્ણ અને આશ્રમ એટલા ઘર ઘાલી ગયા હતા કે થોડાં વર્ષ પહેલાં અસ્પૃશ્યતા દૂર કરવાને અંગે કેટલો પ્રબળ પ્રયત્ન કરવો પડ્યો અને અનેક સુધારકોએ તેમાં ફેરફાર કરાવવાને અંગે કેટલું કાર્ય કરવું પડયું તે વરસોની જાણીતી વાત છે અને અખબારને પાને ચઢેલી હકીકત છે.

રીતરિવાજની બાબત આવી છે. તે એક વખત દાખલ થઇ ઘર ઘાલી જાય છે ત્યાર પછી એને કાઢવા માટે ઘણા પ્રયત્ન કરવા પડે છે અને તેવા પ્રયત્ન જેવા મહાત્માએ અને અનેક સુધારકોએ કર્યા તેથી તેની મુશ્કેલી માલૂમ પડી આવે છે. આવું અજબ કામ વર્ણાશ્રમ અને બ્રાહ્મણની મોટાઈ દૂર કરવાને અંગે વર્ધમાને ગૃહસ્થાશ્રમમાં કર્યું એ વિચારી મનમાં એક પ્રકારનું ગારવ આપણે અનુભવીએ છીએ.

અને વર્ધમાન બોલવાચાલવામાં બહુ મિતભાષી હતા ઘણું ઓછું બોલતા અને બોલતા ત્યારે ધર્મની વાત કરતા, પણ તેઓ બને ત્યારે પોતાનો વર્ણાશ્રમનો વિરોધ અને બ્રાહ્મણની મહત્તાનો ત્યાગ તો બહુ વખત ઉઘાડી રીતે કહેતા અને તે વખતે તે વખતનાં સર્વ સાધનોનો ઉપયોગ કરતા હતા. આ કાર્ય તેમણે નેક સંદેશા તરીકે ચલાવ્યું અને તે જાણે તેઓનો જીવનધર્મ હોય તે તરીકે તેમણે બજાવ્યું.

ગૃહસ્થજીવનની કેટલીક નાની મોટી વાત પણ વર્ધમાનકુમારના સંબંધની આ પ્રસંગે કરીએ. તેઓ વૃદ્ધ માતા અને પિતા પાસે બેસી દુનિયાની અનેક વાતો સાંભળતા અને જે વાતો સાંભળતા તેનો ઉપયોગ યાદ રાખીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરતા હતા. તેઓ અનેક લોકકથા અને વીરકથાના જાણે વારસ થઇ પડ્યા હતા અને વાર્તા સાહિત્યનો તેઓના આ બાળ તેમજ યુવાન વયનો અભ્યાસ તેમને ઘણો ઉપયોગી નીવડ્યો હતો. કોઇ વાત કરવાની હોય તેના દાખલાઓ આપવામાં આવે તો મૂળ બાબત તે નાની કે મોટી હોય તે મજબૂત થાય છે અને સાંભળનાર પર સારી અસર કરે છે. મહાવીરે-વર્દ્ધમાને આ વાર્તા સાહિત્યનો ખૂબ ઉપયોગ કર્યો છે તે હવે પછીના તેમના ચરિત્રમાં જણાઈ આવશે. તેઓ જે સાંભળતા તેને યાદ રાખવાનો પ્રયાસ કરતા અને તે પર વિચાર કરી તે વાતને પોતાનાં મનમાં જમાવતા અને તે તેમની પદ્ધતિ ઘણી ઉપયોગી નીવડી તે આપણે આગળ ઉપર યોગ્ય સ્થળે જોશું. આ વાતો કહેવાની ભારતમાં ખૂબ પ્રવૃત્તિ હતી અને તેની અસર બાળકુમળા મગજ પર સારી થતી જે વાત હાલના કેળવણીકારોએ અને ખાતાંઓએ વિચારવા લાયક છે અને વાર્તાની અસર બરાબર કહેનાર હોય તો શ્રોતા પર ભવ્ય અસર થાય છે તે આખો સવાલ વિચારણા માગે છે.

તેઓનું જીવન જાણે પરોપકાર માટે હોય, જાણે બીજાને માટે જ તેઓ જન્મ્યા હોય અને પરોપકાર કરવાનું તેમને વ્યસન લાગ્યું હોય એવું જીવન તેઓ જીવતા અને પારકાનું કામ કરવા કે હિત કરવા સદા તૈયાર રહેતા. તેમની આ પરોપકાર વૃત્તિ જનતામાં પ્રસિદ્ધિ પામી ગયેલી હતી અને લોકો પણ તેમને પરોપકારી તરીકે ઓળખતા હતા. તેઓ બીજાનું કામ હોંસથી કરતા હતા અને કરતી વખતે સામા ઉપર કોઇ પણ પ્રકારનો પાડ કરતા હોય એવું બનાવતા પણ નહિ પણ જાણે પારકું કામ પોતાનું જ હોય એ હિસાબે ઉત્સાહ અને ઉમંગથી કામ કરતા. જેમ નદી વહન થાય ત્યારે આપણા ગામના આંગણા સુધી આવે અને વરસાદ તો સર્વત્ર વરસ્યા જ કરે તેમાં નદી કે વરસાદને એમ લાગતું નથી કે પોતે કોઇ જાતનો ઉપકાર કરે છે તેમ પરોપકાર કરવો કે પારકું કામ કરવું તે તેમને માટે સ્વાભાવિક થઇ પડયું હતું અને આ વર્ધમાનકુમારની પરોપકાર પરાયણ વૃત્તિ જોઈ લોકો તેમને માટે ખૂબ ઉચ્ચ અભિપ્રાય ધારણ કરતા હતા અને રાજકુટુંબની સ્થિતિ એવી જામી ગઇ હતી કે રાજા આવા અને આટલા પરોપકાર પરાયણ થાય એ વાત સ્વાભાવિક રીતે તેમના સંબંધમાં એ બાબત અપવાદિક મનાતી હતી, કારણ કે રાજ્ય કુટુંબ અથવા રાજ્યની નીકટના માણસો એ તો પોતાના જ સ્વાર્થનો ઘણે ભાગે વિચાર કરતા હતા અને તે પારકાં કામ કરે કે તેમાં રસ લે તેવું ભાગ્યે જ જણાતું હતું. રાજકુળોએ આ રીતે પોતાની આબરૂ ઘણી ઓછી કરી હતી અને તેથી રાજકુટુંબના નબીરા આવા ઉત્તમ ચારિત્રવાન અને બીજાનું કામ કરનારા નીકળે એ જોઇ જાણી લોકો ખૂબ રાજી થતા હતા. આવી વર્ધમાનની પ્રતિષ્ઠા હતી અને ઉત્તરોત્તર તેમાં વધારો થતો જતો હતો. તેઓ મોટી વયે જનતા પર જરૂર આથી પણ વધારે સારો ઉપકાર કરશે એમ માનવાને એને જણાવવાને જનતાને અનેક કારણો હતાં અને તે કારણોમાં ઉમેરો પ્રત્યેક દિવસે થઈ રહ્યો હતો. વર્ધમાનકુમારને આ સર્વ પર કાર્યો કરવાં એ તદ્દન સ્વાભાવિક હતું અને તેમાં પોતે નકામી તસ્દી લઈ રહ્યા છે એવું પણ કદી લાગતું નહોતું. પરોપકાર પરાયણ વૃત્તિ અને પરનાં સાંસારિક કે ધાર્મિક કાર્યો કરી આપવાં તે જાણે તેમનો નૈસર્ગિક સ્વભાવ થઈ પડ્યો હતો.

અને આ પારકાં કામોની પદ્ધતિ તેઓએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જરા પણ માન કે અભિમાન વગર જાણે પોતાના નૈસર્ગિક ગુણ તરીકે વિકસાવેલી હોવાથી તેઓ પારકાનાં અનેક કામ કરતા હતા, જરૂરિયાતવાળાને પૈસાની મદદ કરતા હતા અને કેટલાકને ઘેર જઈ મદદ કરતા હતા. કોઇ જરૂરિયાતવાળાને અનાજ પહોંચાડતા હતા અને કેકને બીજી જે વસ્તુ જોઇએ તે આપતા હતા. તેમની સરળતા અને સભ્યતા જોઇ વિચારી લોકો ખૂબ રાજી થતા હતા અને તેઓ જનતામાં પરોપકારી તરીકે ખૂબ જાણીતા થઇ ગયા હતા. આ પરકૃત્ય કરવાની વૃત્તિને લઇને અને તેનો અમલ થતો હોવાથી તેઓને કામ કરવાની ટેવ અને હથરોટી પડી ગઈ હતી અને તેઓ કદી નવરા કે નકામા પડતા જ નહિ. પોતાના કે પારકા કામથી તેઓ નવરા પડે કે તુરત જ સામાયિક લઇને બેસી જતા અને શક્તિનો વ્યય તેઓ નકામી કુથલી કે નિંદા કરવામાં ગાળતાં જ નહિ. 'પરોપકારને માટે સજ્જનની વિભૂતિ હોય છે'—એ કહેવતને તેમણે અક્ષરશઃ ખરી પાડી હતી અને તેમની આ વર્તના લોકોમાં ખૂબ પ્રશંસા પામી હતી અને ઉત્તરોત્તર તે પ્રશંસામાં વધારો થઈ રહ્યો હતો. એક તો જાતે ક્ષત્રિય અને રાજાના માનીતા લાડકાની આ વૃત્તિ ખાસ અનુકરણીય ગણાતી હતી અને આજે તેની અનુસરણીયતા જાણીતી હોઇ પસંદ કરવા અને ટેવ પાડવા યોગ્ય છે. તેમને તો વાતની કાંઈ ખાસિયતતા લાગી નહોતી અને એ રીતભાત તેમનામાં કુદરતી હોય તેમજ તેઓ જણાવતા હતા, પણ રાજ્ય કુટુંબની આ પદ્ધતિ લોકોને ખૂબ આકર્ષક લાગતી હતી અને વૈશાલીનું જનરાજ્ય ખૂબ વખણાવાનાં ઘણાં કારણમાં આવી પરોપકાર વૃત્તિ એ પણ એક કારણ હતું. પરોપકાર સાથે નિઃસ્વાર્થતા હોય છે ત્યારે તે બહુ દીપી નીકળે છે અને મહાવીરે તે વાતની સત્યતાનું જીવન જીવી બતાવ્યું હતું.

રાત્રે સૂતી વખતે તેઓ પોતાનાં તે દિવસનાં કામોની અવલોકના કરી જતા હતા અને તેમાં આવેલી સ્ખલના મનનપૂર્વક વિચારતા, તે માટે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરતા અને તેવી સ્ખલનાનું પુનરાવર્તન ન થઇ જાય તે માટે નિર્ણય કરી લેતા અને આ નિર્ણય સવારે ઊઠી બ્રાહ્મ મુહૂર્તે યાદ કરી જતા અને આ રીતે આદર્શ જીવન તેઓ જીવતા હતા અને સારી કીર્તિ જમાવતા હતા. આ તેમની પ્રશંસા યોગ્ય હતી અને તેમની યોગ્યતામાં વધારો કરતી હતી.

અને તેઓનો વાણી અને કાયાનો સંયમ તો અદ્ભુત હતો. જે સમયે અનેક રાજકુમારો કે ફટાયા કુમારો આડે રસ્તે ચઢી જતા હતા અને જેવું તેવું બોલતા હતા તેવે વખતે તેઓ વાણી અને કાયા ઉપર અજબ પ્રકારનો સંયમ રાખી ધાર્યું જ બોલતા હતા અને શારીરિક પ્રવૃત્તિ પણ ધારીને જ યોગ્ય માર્ગે કરતા તે એટલે સુધી કે આખા જીવનમાં તેઓ અનેક રૂપાળી લાગતી સ્ત્રીઓના સંબંધમાં આવ્યા પણ પોતાની જાતને કે મનને જરા પણ કામવાસનામાં પડવા દીધું નહિ અને પોતે સાધન સંપન્ન રાજકુમાર હોવા છતાં પોતાની પત્ની સિવાયની દરેક સ્ત્રીને મા બેન સમાન ગણી અને તેવું વર્તન તેમને માટે તદ્દન સ્વાભાવિક થઇ પડયું હોઇ, દરેક સ્ત્રી તેમની પાસે સર્વ રીતે સમાન હતી અને તેમણે નજર માંડીને કોઈ પણ સ્ત્રી પછી તે સધવા હોય કે કુમારિકા હોય તેની સામે ઊંચી આંખે જોયું પણ નહિ અને તેમની સાથે નજર માંડીને વાત પણ કરી નહિ.

માણસ પોતે ગમે તેટલું જાણે અથવા ધારે કે પોતે જાણકાર છે તે બાબત ઓછી મહત્ત્વની છે, માણસ પારકાનું ભલું કેટલું કરે છે એ પરથી એની માણસ તરીકે ગણના અથવા કિંમત થાય છે અને તે જ તેના સારાપણાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરાવો છે. આ ઉપયોગી વિચારણાએ મહાવીરનું જીવન ખૂબ અનુકરણીય ગણાય તેવું છે અને તે બધી રીતે અનુકરણીય છે એ શક વગરની વાત છે. તેઓ આખા જીવનમાં જૂઠું તો બોલ્યા જ નહિ, પણ સત્ય, પ્રિય અને હિતકર વાણી જેવી હોય તેવી સત્ય સ્વરૂપે પરના હિતને ખ્યાલમાં રાખી ઉચ્ચર્યા અને એક જ નિયમ તેઓના ગૌરવમાં ઘણો વધારો કરી રહ્યો હતો. તેઓ બોલ્યા એટલે પરમેશ્વર બોલ્યા એમ લોકો માનતા હતા અને તેમના દરેક વચન પર પૂરતું માન આપતા હતા.

આની સાથે પોતાના વર્તન અને વ્યવહારમાં તેઓ ઘણા પ્રમાણિક હતા. જેવું બોલતા તેવું આચરતા અને પારકાનું કાંઈ લેવું અને પોતાની રાજ નબીરા તરીકેની સ્થિતિનો લાભ લેવામાં કદી પણ ઈચ્છા રાખતા ન હતા. તેઓનું પ્રમાણિકપણું એટલું જાણીતું હતું કે તેઓ અન્યની કોઈ વખત અજાણપણે પણ વસ્તુ લઈ આવ્યા હોય તો તેને પાછી આપી આવતા હતા અને તે માટે જરૂર પડે તો આંટો ખાતા હતા અને કદી પણ અન્યની વસ્તુને પોતાની તરીકેની ગણતા પણ નહોતા અને પોતાના વ્યવહારમાં ઘણા પવિત્ર અને શુદ્ધ રહેતા. તેઓનું જીવન જ પ્રમાણિક હતું અને આવા રાજ્ય કાર્યમાં કુશળ માણસ પ્રમાણિક રહી શકે છે તેનો જીવતો દાખલો તેઓ પૂરો પાડતા હતા. તેઓ પ્રમાણિક જીવનનો અનેકને દાખલો પૂરો પાડતા હતા અને તે પ્રકારના જીવનને બનાવવાનો પોતાનો વ્યવહાર ચલાવી રહ્યા હતા. જેઓ એક નાની સરખી પારકી ચીજને પાછી આપવાનું ભૂલતા નહિ અને આ પ્રમાણે પ્રમાણિક રહેવાની પ્રત્યેક માણસની ફરજ છે એ બતાવી રહ્યા હતા.

અને પરિગ્રહની બાબતમાં તો તેઓ બહુ નિર્મમ અને નિર્મળ હતા અને ખૂબ જેમ બને તેમ ઓછી વસ્તુથી સંતોષ પામનારા હતા. તેઓ રાજ્ય કુટુંબના નબીરા હોવા છતાં એક સુવાના ખાટલાને જ પોતાનો માનતા હતા અને રાજ્યમાં અનેક વસ્તુની વિપુલતા અને મોંઘારત હોવા છતાં, પોતાને કોઈ વસ્તુ જોઈએ અથવા પોતે તે વસ્તુ વસાવવી જોઇએ એમ તે વખતનો રાજ્ય વહીવટ હોવા છતાં માનતા જ નહોતા. જ્યાં નવી વસ્તુ લેવામાં આટલો સારો સંયમ હોય ત્યાં પોતાની કોઇ વસ્તુ છે એમ વર્દ્ધમાનકુમાર માનતા જ નહોતા અને પિતાના રાજ્યના પોતે એક ટ્રસ્ટી છે એમ અનુપાલન કરવાની એઓ પોતાની ફરજ નિરંતર વિચારતા હતા.

આવી તેમની વર્તના જોઇને અનેક માણસ તેમને રાજકુટુંબી હોવા છતાં 'જીવતા સંત' કહેતા હતા અને એ લોકોની પ્રશંસાને તેઓ બધી રીતે યોગ્ય હતા. તેમણે કદી ચાડીચૂગલી કરી નથી તેઓ ધાર્યે રસ્તે જતા અને ધાર્યા કામો કરતાં હતાં અને નકામી ખટપટથી કે રાજ્યખટપટથી તેઓ દૂર જ રહેતા હતા. તેઓ કોઈના અવર્ણવાદ કે નિંદા કરતા નહીં, અને તેઓ નવરાશ કદાચ મળી જાય તો સામાયિક કરવામાં જ પોતાનો સમય વિતાવતા હતા.

પણ તેઓએ પોતાનો અભ્યાસ એ વયમાં સારી રીતે વધારી દીધો. તે વખતે તર્ક-ન્યાયમાં તેઓ પ્રવીણ થઈ ગયા અને લોકોને રૂચે તેટલું જ અને તેવું કેમ બોલાય અને લોકોનું અંગત આકર્ષણ કેમ થાય તેનો અભ્યાસ કરી રહ્યા હતા અને આ અભ્યાસમાં તેઓ એટલા પારંગત થઈ ગયા હતા કે ભવિષ્યની જે જીંદગી તેઓ વહન કરવાના હતા તેના પાયા યુવાવસ્થાથી જ તેઓ નાખી રહ્યા હતા, તેઓનું વર્તનજ એવું સીધું અને સરળ હતું કે તેઓ કોઇને ખોટું આળ આપતાજ નહિ અને એવા પ્રકારનું વર્તન એ તેઓને સ્વાભાવિક થઇ ગયું હતું. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જપ અને ધ્યાન (૧૬)

લેખક : દીપચંદ જીવણલાલ શાહ

વનને વીતી ગયેલા (૫૦ વરસ ઉપરના) પોતાના શિષ્ય કુમારપાળ રાજાને ઉપયોગી થઈ પડે તેવી યોગ સાધના બતાવવા માટે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે "યોગશાસ્ત્ર" નામનો સુંદર ગ્રંથ રચેલ છે કારણકે વૃદ્ધ થયેલા કુમારપાળ રાજાને પ્રવૃત્તિયુક્ત ગ્રહસ્થ કેવી રીતે યોગ કરી શકે તે જોઈતું હતું. આ પુસ્તકમાં અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતરૂપી ઉપાસક ધર્મ વર્ણવ્યો છે, અને તેને પીઠિકા રૂપે લઈ તેની પર શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે જપ ધ્યાન અને સમાધિની ઇમારત રચીને યોગ સાધનાનું નિરૂપણ કરેલ છે.

અત્યારે મનુષ્યોનું આત્મભાવ તરફનું લક્ષ્ય ઓછું થતુ જોવામાં આવે છે. ભારતમાં મોજશોખનાં સાધનો વધતા જાય છે. આત્મ-જીવનને ઉચ્ચ કરવા માટે યોગ માર્ગની જરૂર છે તે માર્ગ સિવાય આધિ, વ્યાધિ, ઉપાધિ ઓછી થવાની નથી. આ દુનિયામાં જણાતાં પૌદ્ગલીક સુખોમાં સુખ અલ્પ છે ક્ષણિક છે અને વિયોગશીલ છે અને તેના અંતમાં દુઃખ છે અને અંતે તે વિયોગશીલ સુખોથી કંટાળી દરેક મનુષ્ય સત્ય સુખ શોધવા યત્ન કરે છે. પૂર્વના આત્મજ્ઞાનીઓ જણાવે છે કે આત્મા તેજ સત્ય છે અને સત્ય માટે બહાર શોધવા કે મેળવવા પ્રયત્ન કરવો નકામો છે. તમારે સત્યમાં આગળ વધવું હોય અને આનંદમાં રહેવું હોય તો તમારા આત્માને શુદ્ધ કરો કારણ કે તમારો આત્મા માયારૂપી મલિન વાસનાઓથી મલીન થયો છે અને કર્મ બંધનોથી બંધાયેલો છે. તે મલીનતા અને બંધનને દૂર કરશો તો સત્ય આત્મામાંથી જ પ્રગટ થશે. આત્માની શુદ્ધ દશા કેવી હોય તે માટે તિર્થંકરોના જીવન ચરિત્રો પર મનન કરો.

વ્યક્તિના જીવનનું નિયમન કરવું અને અંતઃકરણ પરના રાગ દ્વેષાદિ કષાયોને દૂર કરવા તેનું નામ યોગ. યોગ એટલે જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રને પ્રાપ્ત કરવા. જીવન શું છે? જગત શું છે? ઇત્યાદિ જીવન વિષયક પ્રશ્નો જાણવાની જરૂર છે આવું જ્ઞાન અનેકવિધ સંકલ્પો વિકલ્પોથી વીંટળાયેલું છે માટે શું સત્ય છે તે નક્કી કરવું તે શ્રદ્ધા. એ જ્ઞાન અને શ્રદ્ધા જન્મતાં તેનો ચારિત્ર પર પ્રભાવ પડે જ. જો ત્રણમાંથી એકે અંગમાં ઉણપ હોય તો રત્નત્રયી ખંડિત થાય અને ચિત્ત શક્તિઓનો યોગ થાય નહિ.

આ યોગની સિદ્ધિ અર્થે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે ક્રિયા યોગનું વર્ણન કરેલ છે. યોગ એટલે જીવનનું કેળવણી શાસ્ત્ર. યોગ સાધનાના બે ભાગ છે (૧) બહિરંગ જેમાં યમ નિયમ વગેરે આવે છે અને (૨) અંતરંગમાં પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ વગેરે આવે છે. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે બહિરંગ પર વધારે ભાર આ ગ્રંથમાં આપેલ છે ધર્મમાત્રનો ઝોક યમ અને નિયમને સુદૃઢ કરવા અંગે છે યમ એટલે પાંચ વ્રતો–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ અને નિયમ એટલે આચાર ધર્મ.

યોગ સર્વ વિપત્તિઓરૂપી વલ્લી સમૂહનો નાશ કરનાર તીક્ષ્ણ પરશુ સમાન છે. પ્રચંડ વાયુથી જેમ ઘનઘટા (વાદળ) દૂર થઈ જાય છે તેમ યોગવડે પાપો નાશ પામે છે. વળી યોગથી અમુક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે દાખલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તરીકે દૂરના કોઈપણ પદાર્થને જોઇ શકે છે. બીજાના ચંચળ મનને પણ પ્રત્યક્ષ દેખી શકે છે.

જીવ–અજીવ વગેરે તત્ત્વોની સમજ તેનું નામ સમ્યગ્જ્ઞાન (તત્ત્વ એટલે મોક્ષ પ્રાપ્તિમાં ઉપયોગી જ્ઞેય).

જિનેશ્વરે તત્ત્વોનું જે સ્વરૂપ કહેલું છે તેમાં શ્રદ્ધા તેનું નામ સમ્યગ્દર્શન.

સર્વ પાપરૂપ પ્રવૃત્તિઓનો ત્યાગ તેનું નામ સમ્યક્–ચારિત્ર. તેના પાંચ પ્રકાર છે (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અસ્તેય, (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ. વળી પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિવાળા ચારિત્રને પણ સમ્યક્ચારિત્ર કહે છે.

(૧) ન્યાયપૂર્વક જેણે સંપત્તિ પ્રાપ્ત કરી હોય (૨) શિષ્ટ પુરૂષોએ આચરેલા માર્ગનો જે પ્રશંસક હોય (૩) જે પાપભીરૂ હોય (૪) સદાચારી પુરૂષોનો જ જેને સંગ હોય (૫) માતા પિતાનો જે પૂજક હોય (૬) જે કમાણી પ્રમાણે ખર્ચ કરતો હોય (૭) રોજ ધર્મનું શ્રવણ કરતો હોય (૮) યથાશક્તિ દાન આપતો હોય (૯) સારા નરસાનો જેને વિવેક હોય (૧૦) જે દયાળુ હોય. ઉપર જણાવેલ ગુણો અને આચરણવાળો ગૃહસ્થ યોગનો અધિકારી છે.

યોગમાર્ગનું અનુસરણ કરવા ઇચ્છનાર ગૃહસ્થે નીચેના વ્રતો અવશ્ય પાળવા જોઇએ. તે વ્રતો બાર છે. (પાંચ અણુવ્રતો, ત્રણ ગુણ-વ્રતો અને ચાર શિક્ષાવ્રતો) પરંતુ તે બાર વ્રતો સમ્યક્ત્વયુક્ત ગૃહસ્થને જ ફળદાયક છે. માટે સાધકમાં પ્રથમ સમ્યક્ત્વ હોવું જોઇએ. સાચા દેવમાં દેવબુદ્ધિ, સાચા ગુરૂમાં ગુરૂ-બુદ્ધિ અને સાચા ધર્મમાં શુદ્ધબુદ્ધિ એને સમ્યક્ત્વ કહે છે.

સાચા દેવનું જ ધ્યાન કરવું જોઈએ. તેની જ ઉપાસના કરવી જોઈએ અને તેનું જ શરણ ઇચ્છવું જોઇએ. જેઓ પાંચ મહાવ્રત ધારી છે અને જેઓ ભિક્ષાવડે જ નિર્વાહ કરે છે તેઓ જ સાચા ગુરૂ છે. સર્વજ્ઞ પુરૂષોએ ઉપદેશેલો સંયમાદિ દશ પ્રકારવાળો જ સાચો ધર્મ છે. ક્ષમા, મૃદુતા, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય. આ દશ પ્રકારનો ધર્મ છે.

પાંચ અણુવ્રતના નામઃ–(૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ (૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ (૪) મૈથુન વિરમણ (૫) પરિગ્રહનો ત્યાગ.

ગુણવ્રત એટલે ગૃહસ્થના અણુવ્રતોને ગુણકારક–ઉપયોગી હોય તે. તેના ત્રણ પ્રકાર છેઃ–(૧) દિગ્વિરતી (૨) ભોગોપભોગ (૩) અનર્થદંડ.

ગૃહસ્થ માટે સાધુ ધર્મની શિક્ષારૂપ વ્રતને શિક્ષાવ્રત કહે છે. તેના ચાર પ્રકાર છે :–(૧) સામાયિક (૨) દેશાવકાશિક (૩) પૌષધ (૪) અતિથિ સંવિભાગ.

આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી તેમજ કાયિક અને વાચિક પાપકર્મોનો ત્યાગ કરી બેઘડી પર્યંત સમતા ધારણ કરવી તેને સામાયિક કહે છે. સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવ, શુભ ભાવના અને આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાનનો ત્યાગ એ સામાયિક વ્રતનું રહસ્ય છે. સામાયિક એટલે બેઘડીની યોગસાધના.

દેશાવગાસિક એટલે એક દિવસમાં સવાર સાંજના પ્રતિક્રમણ સહિત દશ સામાયિક કરવી.

પૌષધ એટલે આઠમ, ચૌદશ, પુનમ અને અમાવાસ્યાના દિવસે ઉપવાસ અથવા એકાસણું કરી ઉપાશ્રયમાં ચાર મુહૂર્ત અથવા આઠ મુહૂર્ત સુધી વાસ કરવો.

અતિથિ સંવિભાગ એટલે ભોજનકાળે આવેલ મુનિને વહોરાવીને પછીજ જમવા બેસવું.

For Private And Personal Use Only

આત્મજ્ઞાનના સાધન :—

આત્માના અજ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલું દુઃખ આત્મજ્ઞાનથી દૂર થઈ શકે છે. આત્મજ્ઞાન વિનાના માણસો ગમે તેટલું તપ કરે પણ તેથી તેના પાપ દૂર થતા નથી. ક્રોધ, માન, માયા અને લોભ. કષાયો અને ઇંદ્રિયોવડે જીતાએલા આ આત્મા જ સંસાર છે. ક્રોધ એ શરીર–મનને સંતાપ કરાવનાર છે. ક્રોધરૂપી અગ્નિનું શમન કરવા માટે ક્ષમાનો આશરો લેવો જોઇએ. વિનય, વિદ્યા અને શીલનું ઘાતક માન છે. માટે માનરૂપી વૃક્ષને માર્દવ રૂપી નદીના પ્રવાહથી ઉખેડી નાખવું જોઇએ. માયા એ અસત્યની જનની છે. કુટિલતામાં કુશળ માણસો પોતાને જ છેતરે છે કારણકે તેઓ કપટ કરી પોતાના જ ધર્મ અને સદ્‌ગતિનો નાશ કરે છે માટે માયારૂપી સર્પિણીને સરળતારૂપી ઔષધીથી જીતવી જરૂરની છે. લોભ એ સર્વ દોષોની ખાણ છે. લોભરૂપી સાગરને સંતોષરૂપી સેતુથી અટકાવવાની જરૂર છે. પણ ઇંદ્રિયોને જીત્યા વિના કષાયો જીતી શકાતા નથી. વળી ઇંદ્રિયોનો જય મનઃશુદ્ધિવડે થઈ શકે તેમ છે. મનશુદ્ધિ વિના યમ નિયમ વગેરેથી કરેલો કાયક્લેશ (તપ) ફોગટ જાય છે. મનનો નિરોધ કર્યા વગર જે યોગમાર્ગમાં આરૂઢ થવા માંગે છે તે પગવડે ચાલીને બીજે ગામ જવા ઇચ્છનારા પાંગળા માણસ જેવો હાસ્યપાત્ર થાય છે. આંખો વિનાનાને જેમ દર્પણ નકામું છે તેમ મન શુદ્ધિ વિનાના તપસ્વીનું ધ્યાન નકામું છે. વળી મન શુદ્ધિ વિનાના તપ, સ્વાધ્યાય, વ્રત વગેરેથી કરેલું કાયક્લેશ ફોગટ છે.

મનની શુદ્ધિ પ્રાપ્ત કરવા માટે રાગ અને દ્વેષને જીતવાની જરૂર છે. તે બે દૂર થતાં જ આત્માની મલિનતા દૂર થાય છે. યોગી પુરુષો મનને આત્મામાં લીન કરવા જાય છે પરંતુ રાગ દ્વેષ અને મોહ ચડી આવીને તેમને અન્યત્ર ખેંચી જાય છે. રાગાદિ અંધકારથી નાશ પામેલી વિવેકદૃષ્ટિવાળું મન માણસને નરકરૂપી ખાડામાં નાંખે છે માટે યોગી પુરુષોએ પ્રમાદ કર્યા વિના રાગ દ્વેષરૂપી શત્રુઓને સમત્વ(સમતા)વડે જીતવા જોઇએ. એક ક્ષણ પણ સમત્વનું આલંબન લેવાથી જેટલો કર્મ ક્ષય થાય છે તેટલો તીવ્ર તપ કરવાથી થતો નથી. સમતા પ્રાપ્ત કરવા માટે અનિત્યાદિ બાર ભાવનાઓનું અવલંબન આવશ્યક છે. બાર ભાવનાવડે અવિશ્રાંતપણે મનને સુવાસિત કરતો કરતો માણસ સમતા પ્રાપ્ત કરી શકે છે સમબુદ્ધિવાળા યોગીનો કષાયરૂપી અગ્નિ શાંત થાય છે અને બોધિ (સમ્યક્ત્વ) રૂપી દીપક ઉજ્જવળ થાય છે.

અમુક અંશે સમબુદ્ધિ પ્રાપ્ત થયા વિના ધ્યાન શરૂ કરનાર પોતાની જ વિડંબના કરે છે. કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે અને આત્મજ્ઞાન ધ્યાનથી સિદ્ધ થાય છે. માટે ધ્યાન આત્માને હિતકર છે

શુદ્ધ ધ્યાનના મુખ્ય બે પ્રકાર છેઃ ધર્મધ્યાન અને શુકલધ્યાન. હાલમાં ધર્મ ધ્યાન જ સંભવિત છે. ધ્યાન એટલે અંતર્મુહૂર્ત પર્યંત મનની સ્થિરતા. (નવ સમયથી માંડીને બે ઘડીમાં એક સમય ઓછો હોય ત્યાં સુધીના સમયને અંતર્મુહૂર્ત કહે છે) છદ્મસ્થનું ધ્યાન એક આલંબન પર વધારેમાં વધારે એક અંતર્મુહૂર્ત સુધી ટકી શકે છે. ત્યાર બાદ ફરી તે જ આલંબનનું કાંઇક રૂપાંતરથી કે બીજા આલંબનનું ધ્યાન કરવામાં આવે તો ધ્યાન પ્રવાહ લંબાવી શકાય છે. મૈત્રી આદિ ચાર ભાવનાઓ ધ્યાનની પુષ્ટિ માટે રસાયણરૂપ છે. ધ્યાનની સિદ્ધિ અર્થે કોઈ તીર્થસ્થાન પસંદ કરવું જોઇએ. પદ્માસન પર બેસીને હોઠ બીડી દેવા, બન્ને આંખો નાસાગ્ર પર સ્થિર કરવી, વદન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસન્ન રાખવું; એ પ્રમાણે પૂર્વ દિશા તરફ કે ઉત્તર દિશા તરફ મુખ રાખી અપ્રમાદીપણે ટટ્ટાર બેસી ધ્યાન કરવું. મનને ઇંદ્રિયોના વિષયોમાંથી ખેંચી લઈ ધર્મધ્યાનને માટે નિશ્ચલ કરવું તેને પ્રત્યાહાર કહે છે. વિષયોમાંથી પાછા ખેંચેલા મનને નાભિ, હૃદય, નાસાગ્ર કે ભ્રમર વચ્ચે કોઈ પણ સ્થળે સ્થિર કરવું તેને ધારણા કહે છે.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે ચાર પ્રકારના ધ્યેય બતાવ્યા છેઃ-(૧) શરીરસ્થ (૨) પદસ્થ (૩) રૂપસ્થ (૪) રૂપાતીત. તેમાં પદસ્થ ધ્યાન બીજા ધ્યાનો કરતાં કરવું સહેલું છે. અમુક પદો અથવા અક્ષરોનું જપપૂર્વક ધ્યાન પદસ્થ ધ્યેયનું ધ્યાન કહે છે. દાખલા તરીકે (૧) अरिहंत, (२) अ, सि, आ, उ, सा વગેરે.

અર્હંત ભગવાનના રૂપને આલંબન લઈ કરેલા ધ્યાનને રૂપસ્થ ધ્યેયનું ધ્યાન કહે છે. જેને ચાર મુખ છે, જે અભયદાન દેનારા છે, જેના પર ત્રણ છત્ર છે, જેની સંપત્તિનો ઘોષ દિવ્ય દુદુંભિઓ વડે થઇ રહ્યો છે, જેનું સિંહાસન અશોક વૃક્ષ નીચે છે, જેમને ચામર ઢોળાઈ રહ્યા છે, દિવ્ય પુષ્પોના સમુહથી જેમની સભાની જમીન ઢંકાઈ ગઇ છે, જેમની સમીપમાં હાથી, સિંહ વગેરે પ્રાણીઓ વૈર ભુલીને બેઠેલા છે, જે કેવળજ્ઞાનથી પ્રકાશિત છે વગેરે વગેરે. તેવા અર્હંત ભગવાનનું ધ્યાન કરવું.

આ સંસારમાં રહેલા જીવોને અનાદિકાળના અશુદ્ધ અભ્યાસથી સંસારના ખાવા પીવા, પહેરવા, ઓઢવાના પદાર્થો પર તીવ્ર મમત્વભાવ હંમેશાં રહ્યા કરે છે. ઉપયોગમાં ન આવે તેવા પદાર્થોની પણ નિવૃત્તિ થઈ શકતી નથી. તે નિવૃત્તિ કરવા માટે જ્ઞાની પુરૂષોએ ગૃહસ્થોને માટે ચૌદ નિયમો ધારવાની રીત બતાવેલ છે. આ ચૌદ નિયમોથી જીવોની તૃષ્ણાઓ ઓછી થાય છે. આ નિયમો ધારવાથી ઘણા પાપના બંધનમાંથી છૂટીને જીવ થોડા બંધન કરે છે.

યોગ કરનાર શ્રાવકે સવારમાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવું અને પથારીમાં બેસીને ત્રણ નવકાર ગણવા. ત્યારબાદ શૌચાદિથી પરવારી પવિત્ર થઇ પ્રતિક્રમણ કરવું તથા યથાશક્તિ પ્રત્યાખ્યાન કરી દેવમંદિરમાં જવું. ત્રણ પ્રદક્ષિણા દઇ ભગવાનની સામે ચૈત્યવંદન કરવું, પછી ગુરુવંદન કરવું, પછી ધર્મથી અવિરૂદ્ધ રીતે ધંધો કરવો. મધ્યાહ્ને પૂજા કરી ભોજન કરવું, પછી સ્વાધ્યાય કરવો. સાંજે ભોજન કરી દેવદર્શન કરવા જવું અને સાંજનું પ્રતિક્રમણ કરવું અને સ્વાધ્યાય કરવો પછી સૂઈ જવું. દરેક દિવસે ચૌદ નિયમો ધારણ કરવા. તે ચૌદ નિયમો નીચે પ્રમાણે છે. નિયમ ધારનારે સવારે અને સાંજે નિયમો ધારવા જોઇએ.

सचित्त दव्वविगइ, वाणह तंबोल वत्थ कुसुमेसु ।
वाहण सयण विलेवण, बंभदिसिनाण भत्तेसु ॥

(૧) સચિત્ત આજ સાંજ સુધીમાં મારે આટલાં સચિત્ત વાપરવા. બને ત્યાં સુધી એક પણ સચિત્ત વાપરવું નહિ.

(૨) જેટલી ચીજ મોઢામાં નાખવી તે દ્રવ્ય. ૨૦-૨૫-૩૦ની સંખ્યા રાખવી

(૩) વિગઈ એટલે છ વિગય. દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ અને કડા વિગય. તેમાંથી રોજ એક અથવા બેનો ત્યાગ કરવો. કાચું દૂધ પીવું નહિ, કાચું દહીં ખાવું નહિ કાચું ઘી ખાવું નહિ, કાચો ગોળ ખાવો નહિ, કાચું તેલ ખાવું નહિ અને તળેલી વસ્તુ ખાવી નહિ, તથા કાચા દૂધ દહીં સાથે કઠોળ ખાવું નહિ.

(૪) વાણહ કહેતાં ઉપાનહ—પગરખાં, મોજાં વગેરે એક જોડ, બે જોડ વગેરે રાખવી.

(૫) તંબોલ કહેતાં મુખવાસની સંખ્યા રાખવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રોગી મનુષ્યોએ વિચારવા જેવું

વર્તમાનકાળમાં સરેરાશ આયુષ્ય પ્રમાણ વધી રહ્યું છે અને સાથે સાથે જ્ઞાનતંતુઓના રોગો, ગાંડપણ અને અન્ય માનસિક રોગો, હૃદયરોગ, કેન્સર, મીઠી પેશાબ અને લકવા જેવા રોગોનો ચોંકાવનારો વધારો થઇ રહ્યો છે.

રોગોની સામે લડવાના વર્તમાન એલોપેથી વૈદકના મુખ્ય ત્રણ હથિયારો છે (૧) દવાઓ, (૨) રસીઓ અને (૩) વાઢકાપ. આ ત્રણે હથિયારો આરોગ્યને ભોગે જીવનને લંબાવે છે, પરિણામે જેમ જેમ સરેરાશ આયુષ્ય પ્રમાણ વધે છે તેમ તેમ સરેરાશ આરોગ્ય પ્રમાણ ઘટે છે.

વૃદ્ધાવસ્થા પર ક્ષણભર વિચાર કરીએઃ– માથે ટાલ પડી હોય, આંખે અંધાપો આવ્યો હોય, કાન બહેરા થયા હોય, દાંતો પડી ગયા હોય, અમુક અવયવો ઓછેવત્તે બગડી ગયા હોય અને ભારત જેવા સંયુક્ત કુટુંબવાળા દેશમાં વહુઓ ગાળો દેતી હોય અને અમેરિકા જેવા વિભક્ત કુટુંબવાળા દેશમાં અનાથાશ્રમમાં રહી આંસુ પાડવા પડતા હોય ત્યારે આવું વૃદ્ધાવસ્થાનું જીવન ટકાવી રાખવાનો મોહ વ્યર્થ છે.

માટે ઘડપણમાં ઇન્જેકશનો અને ઓપરેશનોનો મોહ રાખ્યા વિના રોગોમાં સેજ શાંતિ મળે તે માટે ભસ્મો વિનાની દેશી દવાઓને લેવી અને સૂક્ષ્મ આહાર દાખલા તરીકે ચા, કોફી, ફળ વગેરે લઈને જીવનનો ત્યાગ કરવો એ શું ઉત્તમ નથી? તે વખતે રોગની પીડાને હાયવોય વગેરે કર્યા વિના સહન કરવી જોઇએ અને મનને શાંત રાખવા માટે જપ, ધ્યાન, ઈશ્વરસ્મરણ, ઈશ્વરભજન વગેરે કરવું જોઇએ.

(સંસાર માસિકમાં રમણલાલ એન્જિનિયરે લખેલ લેખ પરથી થોડા ફેરફાર સાથે)

જપ અને ધ્યાન (પેજ ૫૬ થી ચાલુ)

(૬) વત્થ કહેતાં વસ્ત્ર—૧૦–૧૫ જેટલાં રાખવા.

(૭) કુસુમેસુ કહેતાં સુંઘવાનું—પાશેર અચ્છેર જેટલી જરૂર હોય તેટલું રાખવું.

(૮) વાહન–બે ચાર રાખવા.

(૯) શયન કહેતાં ખાટલાં, પલંગ વગેરેની ગણતરી રાખવી.

(૧૦) વિલેપન કહેતાં શરીરે વિલેપન કરવાની ચીજ–અમુક રૂપિયા ભાર અથવા પાશેર.

(૧૧) બ્રહ્મચર્ય—વ્રત ધારીએ બ્રહ્મચર્ય પાળવું અથવા સ્વ સ્ત્રીમાં સંતોષ રાખવો.

(૧૨) દિશી કહેતાં ચાર દિશામાં અમુક ગાઉ જવું તે પ્રમાણે માપ કરવું.

(૧૩) નાણ કહેતાં સ્નાન કરવાની (ભોજન અને પાણી) ગણતરી કરવી.

(૧૪) ભત્તેસુ એટલે ભાત પાણી–પાંચ શેર દસ શેર એમ વજનમાં ધારવું.

રાત્રે નિયમ ધારતી વખતે બુદ્ધિથી વિચારવું કે મારે રાત્રિમાં આટલી વસ્તુની જરૂર પડશે તેટલી રાખી બાકીનાનો ત્યાગ કરવો.

આ ચૌદ નિયમો ધારનારને બાર વ્રત લેતી વખતે સાતમું વ્રત સરલ થઈ જશે.

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે આસન અને પ્રાણાયામ પર બહુ ભાર મુકેલ નથી. પણ યોગ કરનારે એકલા સવાર સાંજ બે એક માઈલ ફરવા જવું અને ફરતી વખતે ઊંડા શ્વાસોશ્વાસ લેવા આમ કરવાથી સાધકની શરીરસંપત્તિ સચવાય છે તેને કોઈ પણ જાતનો રોગ થતો નથી, તેમ જ તેના જ્ઞાનતંતુઓને કોઈ પણ જાતનું નુકશાન થતું નથી.

જપ યોગ અને ધ્યાન યોગના ત્રણ ફળ છે. જપ કે ધ્યાનનું પ્રથમ ફળ સર્વ ઇંદ્રિયાદિ પર સંયમ આવે છે. બીજા ફળ તરીકે અંતઃકરણના પરિણામનું નિશ્ચળપણું પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી જે મનમાં અસ્થિરતા (ડામાડોળપણું) હતી તે બંધ થાય છે અને ચિત્તની સ્થિરતા પ્રાપ્ત થાય છે અને ત્રીજું ફળ અનુબંધનો વ્યવચ્છેદ થાય છે એટલે સંસારને વધારનાર કર્મોના ગ્રહણનો તેથી અંત આવે છે અને કર્મની નિર્જરા થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'પુરુષાદાનીય' પાર્શ્વનાથનાં ૧૦૦૮ નામો

(લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

આપણા આ દેશમાં—'ભારત' વર્ષમાં ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં જૈનોના જે ચોવીસ તીર્થંકરો થયા છે તે પૈકી ત્રેવીસમાનું નામ 'પાર્શ્વ' છે. એના અંતમાં 'નાથ' શબ્દ જોડીને મોટે ભાગે વ્યવહાર કરાય છે.

પાઇય (પ્રાકૃત) ભાષામાં એમને 'પાસ' અને 'પાસનાહ' પણ કહે છે. સમવાય નામના ચોથા આગમિક અંગ (સુત્ત ૧૩)માં તેમ જ પજ્જોસવણાકપ્ય (કલ્પસૂત્ર)માં એ તીર્થંકરના નામની આગળ 'પુરિસાદાણિ(ણી)ય' નો ઉલ્લેખ જોવાય છે. આને માટે સંસ્કૃતમાં 'પુરુષાદાનીય' પ્રયોગ કરાય છે. એનો અર્થ ઉપાદેય પુરુષ–આપ્ત પુરુષ કરાય છે.

ઉપલબ્ધ જૈન આગમોમાં પાર્શ્વનાથને માટે ઉપર્યુક્ત પ્રયોગ સિવાય આજ કાલ જે ૧૦૦૮ નામો હોવાની માન્યતા પ્રવર્તે છે તેવું એકાદ નામ પણ રજૂ કરાયુ હોય એમ જણાતું નથી. જો એમ જ હોય તો આગમોની રચના બાદ પાર્શ્વનાથનાં ૧૦૮ થી માંડીને ૧૦૦૮ નામો પ્રચલિત બનેલાં ગણાય. આ નામો પૈકી કેટલાંક જિનપ્રભસૂરિ કૃત વિવિધતીર્થકલ્પમાં તો કેટલાંક જાતજાતની તીર્થમાળાઓ,[1] સંસ્કૃત તથા ગુજરાતી સ્તોત્રો–સ્તવનો. છંદો વગેરેમાં નજરે પડે છે.

કોઈ એક પ્રકાશિત પુસ્તકમાં ૧૦૦૮ નામો અપાયાનું મેં સાંભળ્યું છે. બાકી "ચાણસ્મા-મંડન" શ્રી ભટેવા પાર્શ્વપ્રભુ જિનાલય સાર્દ્ધ શતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ" (પૂર્વાર્ધ, પૃ. ૨૨૬–૨૩૩)માં ૬૫૫ નામોની નોંધ તો મારા જોવામાં આવી છે. એ વાંચતાં, વિનય કુશલના શિષ્ય શાન્તિકુશલે વિ. સં. ૧૬૬૭માં રચેલા અને ૧૦૮ (૧૧૦ ?) નામો રજૂ કરતા [2]પાર્શ્વનાથ સ્તવનનું ૪૧ વર્ષ ઉપર સંપાદન કરતી વેળા મને ઉદ્ભવેલો વિચાર, સતેજ થયો. એનું પરિણામ તે આ લેખ છે.

પાર્શ્વનાથનાં નામો અંગે નીચે મુજબના પ્રશ્નોના પ્રામાણિક ઉત્તરો કોઈક બહુશ્રુત મહાનુભાવ તો વહેલામોડા પણ પૂરા પાડે એ ઇરાદે આ લેખ હું આગળ ચલાવું છું.

(૧) પાર્શ્વનાથનાં એકંદર નામો કેટલાં છે? એ ૧૦૦૮ છે કે એથી પણ વધારે. ?

(૨) આ નામોનો કાલક્રમ શો છે ? કયું નામ કેટલું પ્રાચીન છે અને એ કઈ કૃતિમાં પહેલવહેલું અપાયું છે ?

(૩) વિવિધ નામો શાને આધારે પડાયાં છે ? આ દ્વારા જે પ્રશ્નો વિચારવા ઘટે તેના દિશા સૂચનરૂપે બે પ્રશ્નો ઉપસ્થિત કરું છું.

(અ) કયા કયા નામો ગ્રામ કે નગર સાથે સંબંધ ધરાવે છે ?

(આ) કયા નામો પાર્શ્વનાથની કઈ પ્રતિમાના કયા ચમત્કારનું દ્યોતન કરે છે ?

(૪) લોકપ્રિયતા અને પ્રસિદ્ધિ અનુસાર નામોનો ક્રમ શો છે ? આને અંગે અત્યારે તો એટલો જ નિર્દેશ કરું છું. કે 'ગોડી' પાર્શ્વનાથ અને 'ચિન્તામણિ' પાર્શ્વનાથ એ નામો પ્રથમ સ્થાન ભોગવે છે.

(૫) કયા નામની સાથે કઈ અનુશ્રુતિ ક્યારથી સંલગ્ન થયેલી જણાય છે ?

---

૧ દા. ત. ન્યાયાચાર્ય કૃત સ્તોત્રો. જુઓ યશોદોહન.

૨ આ ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય-સંગ્રહના દ્વિતીય વિભાગમાં છપાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"હિંસા"નો એક સૂક્ષ્મ પ્રકાર

[નવચેતન જુલાઇ '૬૭-માંથી]

લગભગ '૩૫-'૩૬ની આ વાત છે. કલકત્તાના ગુજરાતીઓએ ડૉ. પ્રફુલ્લચન્દ્ર ઘોષના પ્રમુખપદે ગાંધી જયંતિ ઉજવી હતી. હું એ સભામાં હાજર હતો. ડૉ. ઘોષ સરખા ગાંધીજીના ચુસ્ત અનુયાયીઓ ભારતભરમાંથી બહુ ઓછા મળી આવશે. બેઠી દડીના, છેક જ સરળ અને સાદા, પ્રભાવશાળી વ્યક્તિત્વ વિનાના પણ હૃદય અને બુદ્ધિની અખૂટ સંપત્તિ ધરાવતા તેમ જ પ્રખર સિદ્ધાંતવાદી ડૉ. પ્રફુલ્લચન્દ્ર ઘોષ મને એ સભામાં ખરેખર જ વંદનીય લાગ્યા હતા. પ્રમુખપદેથી ઉપસંહારમાં એમણે જે કહ્યું તેનો સારાંશ કંઇક આવો હતો: "તમારા ગુજરાતીઓનો મોટો ભાગ વેપારીઓનો છે એટલે ગાંધીજીના બધા જ સિદ્ધાંતો તમે પૂરેપૂરા ન પાળી શકો, એ હું સમજી શકું છું. ગાંધીજીની સૂક્ષ્મતાને, એમના પવિત્રતમ જીવનને અને સિદ્ધાંતપાલનના એમના ચુસ્ત સિદ્ધાંતને તમારાથી ન જ આંબી શકાય. પણ જો તમે તમારી પેઢી કે દુકાનમાં કામ કરતા મધ્યમ વર્ગના સામાન્ય કારકૂનોનાં સુખદુ:ખ જાણવાની દરકાર રાખો અને તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી તેમને તમારાથી શકય એટલી સહાય કરવાની તત્પરતા દાખવો તો તમે પણ સાચી રીતે 'અહિંસા'નું પાલન કર્યું છે, એમ હું કહીશ. કેમકે આ પ્રકારની સક્રિય સહાનુભૂતિ એ પણ 'અહિંસા'નો એક સૂક્ષ્મ પ્રકાર છે."

ડૉ પ્રફુલ્લચન્દ્ર ઘોષે એ વેળા કહેલી આ વાત આજ લગભગ ૩૦-૩૧ વર્ષ પછી પણ

(અનુસંધાન પેજ ૬૦ ઉપર)

ટૂંકમાં કહું તો પાર્શ્વનાથનાં વિવિધ નામો સંબંધી ઈતિહાસ, ચમત્કારો, દંતકથા વગેરે સામગ્રી પૂરી પાડતા ગ્રંથની આવશ્યકતા છે.

ઉપર્યુક્ત સ્મારક ગ્રંથ (પૂર્વાર્ધ)માં નામો એકત્રિત કરવા માટે [3]૩૨ કૃતિઓ કામમાં લેવાઈ છે એ પૈકી કેટલીક તો આધુનિક છે. વિક્રમની ચૌદમી સદી પૂર્વેની કોઈ કૃતિનો એમાં સમાવેશ થતો હોય એમ જણાતું નથી. જો એમ જ હોય તો અત્યારે તો હું એમ માનવા પ્રેરાઉં છું કે નામોની સંખ્યામાં ઉત્તરોત્તર અને તે પણ પ્રાયઃ ચૌદમી સદી પછી વિશેષ વૃદ્ધિ થઇ છે. છેલ્લાં ૨૦૦ વર્ષોમાં ભાગ્યે કોઇ નવું નામ ઉમેરાયું હશે.

નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિ પાર્શ્વનાથના ભક્ત જણાય છે. એમની 'થંભણ' પાર્શ્વનાથની ઉપાસનાની વાત સત્ય જ હોય તો એ નામ વિ. સં. ૧૧૨૦ થી લગભગ વિ. સં. ૧૧૫૫ ના ગાળા જેટલું તો પ્રાચીન ગણાય.

પાર્શ્વનાથને અંગે જે કેટલાંક સ્વતંત્ર ચરિત્રો-પુરાણો રચાયાં છે એમાં દિ. વાદિરાજે શક સંવત ૯૪૭માં રચેલું પાર્શ્વનાથ પુરાણ સૌથી પ્રાચીન જણાય છે. બીજી એવી પ્રાચીન કૃતિ તે દેવભદ્રગણિએ વિ. સં. ૧૧૬૮માં રચેલું પાસનાહ ચરિત્ર છે. આ કૃતિઓમાં પાર્શ્વનાથનાં કોઇ નામો હોય તો તેની તપાસ થવી ઘટે.

અંતમાં એ સૂચવીશ કે પાર્શ્વનાથનાં વિવિધ નામો પૂરી પાડતી પ્રાચીન કૃતિઓ એક સંગ્રહરૂપે સમુચિત સ્વરૂપે સંપાદિત કરાવી પ્રકાશિત કરવા કોઈક સમૃદ્ધ જૈન સંસ્થા તૈયાર થાય તો પ્રસ્તુત વિષયની ગવેષણાનું કાર્ય સુગમ બને.

---

૩ આ ઉપરાંતની જે વિશિષ્ટ પ્રાચીન કૃતિઓ હોય તેનાં નામો વગેરે દર્શાવવા તજજ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સપડાઇ હતાશ થઈ જઈએ એમ બને ખરૂ. પણ તેમાંથી ઉગરવા કે રાહત મેળવવા માટે થોડા જ વખતમાં આપણે પ્રયત્ન આદરી દઈએ છીએ. અને કદાચિત નવો માર્ગ આપણે મેળવી પણ લઇએ છીએ. દુઃખનો આવેગ ઓછો થતો જાય છે, અને શાંતતાનો રસ્તો જડી આવે છે. દુઃખના દહાડા અને રાત્રિ કાંઈ બેસી રહેવાના નથી એવું આશ્વાસન આપણે મેળવી લઇએ છીએ. આમ કરતા અનિષ્ટ સંયોગની કટુતા ઓછી થતી જાય છે, અને એ અનિષ્ટ સંયોગોના કારણોની ચિકિત્સા આપણે કરીએ છીએ અને આગામી કાળમાં એવા પ્રસંગો ઉપસ્થિત ન થાય તે માટે સાવચેતીના પગલા પણ લેવાની તત્પરતા દાખવીએ છીએ. અને તે વિષયના જાણકાર પાસેથી સલાહ મેળવી ફરી તેવા પ્રસંગો ઉપસ્થિત થતા તેનો પ્રતિકાર કરવાની બુદ્ધિ અને તાકાત પણ મેળવી લઇએ છીએ. એવી રીતે અનિચ્છનીય અનિષ્ટ સંયોગો ઉપર કાપ મૂકી શકાય છે. અનિષ્ટ સંયોગોના દુઃખની મર્યાદા દુઃસહ જેવી જણાય છે ખરી પણ છેવટ તે ટૂંકી નિવડે છે કોઈ જ્ઞાની માનવ ઉપર આવો અનિષ્ટ સંયોગ આવે છે ત્યારે તે તેવા પ્રસંગોની કટુતા અને તીવ્રતા એકદમ ઓછી કરી નાખે છે. આપણી પોતાની જ શરતચૂકનું એ પરિણામ છે એ વસ્તુ એ સારી પેઠે જાણે છે. આપત્તિ કાંઈ આકાશમાંથી ટપકી પડી નથી પણ આપણા જ કર્મોનું એ ફળ છે એ સારી પેઠે જાણતો હોવાથી દુઃખોને ઉલટાનો આવકાર આપી એ હસતે મોઢે સહી લ્યે છે. એટલે જ એને દુઃખ વધુ કનડી શકતુ નથી. પણ તેની વિરૂદ્ધ ઈષ્ટ સંયોગો કે જેને સુખ ગણવામાં આવે છે તેમાં એમ થતું નથી. સુખ અથવા ઇષ્ટ સંયોગોને અમે ભયંકર જાણીએ છીએ તે શી રીતે છે તેનો આપણે હવે વિચાર કરીશું.

અનિષ્ટ સંયોગોમાંથી છુટવા માટે મનુષ્ય સતત પ્રયત્નશીલ હોય છે તેમ ઇષ્ટ સંયોગો કે સુખના પ્રસંગે બનતું નથી. સુખ માનવને ગમી જાય છે અને તેનો અવધિ વધે તેમ એ ઇચ્છે છે. કોઇને અકસ્માત દ્રવ્ય પ્રાપ્તિ થઈ જાય અથવા અધિકારપદે તેની નિયુક્તિ થાય, શરીર સ્વાસ્થ્ય તેને મળી જાય કે ઐહિક વૈભવ તેને આવી મળે. એની કાર્ય-કુશળતાની કે જ્ઞાનની પ્રશંસા થાય. એકાદ લડાઈમાં તેનો વિજય થઈ લોકોમાં તેની વાહવાહ થાય, પોતાના આંગણે વિવાહ જેવા પ્રસંગો ઉજવાય કે પોતાના ઘરમાં પુત્ર-પૌત્રાદિની પ્રાપ્તિ થાય, એકાદ સાધુ મુનિરાજના મોઢે એની દાનશીલતાની પ્રશંસા થાય કે નાણા ખરચી મંદિર, ધર્મશાળા બંધાવતા લોકો એને માનપત્રો વગેરે આપી નવાજે, એવે વખતે એ સમતોલપણું ગુમાવી બેસે છે પોતાના અમુક શુભ કર્મોનું એ ફળ છે એ વસ્તુ એ ભૂલી જાય છે. અહંભાવ એના ઉપર સવાર થાય છે અને પોતે કોઈ અસાધારણ વ્યક્તિ છે અને સામાન્ય મનુષ્ય કરતા એનો દરજ્જો કાંઇક જુદો જ છે એમ એને ભાસવા માંડે છે અને આત્માના પરમ શત્રુ જે કર્મો તેનો એ દાસ બનવા માંડે છે.

પોતાના શુભ કર્મોનો એ ભોગવટો છે અને તે પૂરો થયા પછી નવી પરિસ્થિતિ ઉત્પન્ન થવાની છે એનું એને ભાન પણ હોતુ નથી. પ્રાપ્ત સુખ સંવેદનમાં એ આખુ ભાન ભૂલી જાય છે. દ્રવ્યવાન થતા એ બીજાઓને તુચ્છ લેખે છે. પોતાને ઘણો મોટો માની જરા જરા વાતોમાં અન્યજનોને તુચ્છતાનો સ્વાદ ચખાડે છે. એની માનદશા વધતી જાય છે તેમ તુચ્છ કારણ માટે પણ બીજાઓ ઉપર ક્રોધ કરી તેમને તિરસ્કારે છે. લોભની માત્રા તો કુદકે ને ભૂસકે વધતી જ રહે છે. જેનો સંસાર માસિક પચાસ-સાઠ રૂપિયામાં પુરો થતો

For Private And Personal Use Only

હતો તેને બે હજાર રૂપિયા તુચ્છ લાગે છે. જેમ અગ્નિની ભૂખ બળતણથી વધે જ જાય છે તેમ એની તૃષ્ણા નિત્ય યુવતી થઈ ફાલે ફૂલે છે. લગ્નાદિ પ્રસંગે પોતાને કોઈ મહાન મનુષ્ય ગણી જાણે એકાદ મહાન તત્વ સિદ્ધ કરવા માટે એ લખલૂટ ખર્ચ કરી નહી કરવા જેવા કામો કરવામાં આનંદ માને છે. ખર્ચ કરવામાં પાછુ વાળી નહીં જોતા કાંઇક કરી બતાવવાની ધુનમાં ખોટા દાખલાઓ બેસાડી સામાન્ય જનતાને પોતાની સાથે જ આપત્તિની ગર્તામાં ધકેલી દે છે. પોતે કેવો સામાજીક ગુન્હો કરે છે એનું એને ભાન પણ રહેતું નથી. ચાર દિવસની ચાંદની ને ફરી અંધારી રાત આવે છે એ નક્કર સત્યનું એને ભાન સરખુ પણ રહેતુ નથી. મતલબ કે, કામ, ક્રોધ, લોભ, માન વગેરે આત્માના પરમ દુશ્મનોને એ આમંત્રણ આપી પોષે છે. અને આત્માનું પતન નિશ્ચિત કરી લ્યે છે એટલે જ અમો એવા અનુકૂલ થતા ઉપસર્ગોને ભયંકર કહીએ છીએ. પ્રભુ મહાવીરે એવા અનેક અનુકૂલ ઉપસર્ગોને જીત્યા. એટલા માટે જ તેઓ મહાન થયા છે. દુઃખના પ્રસંગે તેમાંથી છુટવા માનવ પ્રયત્ન કરે છે, પણ સુખની સંવેદનામાં ગોંધાઈ રહેવા અને તેમાં નવા નવા આપત્તિ લાવનારા અશુભ કર્મો તે ઉપસ્થિત કરે છે. અને એ દુષ્ટ ચક્ર ચાલ્યા જ કરે છે. એને જ જ્ઞાની મહાત્માઓ સંસાર કહે છે. કુતરૂ પોતાનીજ પુછનો છેડો પકડવા માટે ચક્રાકાર ફર્યા જ કરે છે ત્યારે તે તેના મુખમાં આવતી જ નથી. અને પોતે ચક્રાકાર ભ્રમણ કર્યા જ કરે છે. સુખને સ્થિર કરવાના મોહમાં મનુષ્ય અનેક સુખોની પાછળ દોડ્યા જ કરે છે. પણ સુખની સ્થિરતા કયાંય જણાતી નથી. માટે જ તે પેલા કુતરાની પેઠે અખંડ આથડ્યા જ કરે છે, અને વધુને વધુ ચક્રો વધારે જ જાય છે. આવા ચક્રો વધતા તેનો અંત તો દૂર જ ઠેલાતો જાય છે, અને ભ્રમણ માત્ર ખૂબ જ વધે જાય છે. અનાદિ કાળથી એ થતું આવ્યુ છે. અને તેનો અંત હજુ આપણા દૃષ્ટિપથમાં આવેલો નથી. એટલા માટે જ સુખની સંવેદના એ દુઃખની વેદના કરતા ભયંકર છે એમ અમો કહીએ છીએ.

જેમ દ્રવ્યના મોહમાં મનુષ્ય વધુ લોભી અને ઉદ્ધત થઇ વધુ અશુભ કર્મો બાંધતો રહે છે, તેમજ વિદ્યાથી વિભૂષિત કોઈ પંડિત પુરૂષ પણ વિદ્યાના સાચા પરમાર્થ અને હેતુને ન સમજે તો સાક્ષર છતા રાક્ષસ થઇ જાય છે જે વિદ્યા મુક્તિને પાસે લાવવા માટે હોય તેજ વિદ્યા તેને ઊંડી ખાઇમાં ધકેલી મેલે છે. જેમ દ્રવ્યથી અહંકાર વધે છે તેમ વિદ્યાથી પણ અહંકારની ઉત્પત્તિ થાય છે. પોતાને જ્ઞાની ગણતો મનુષ્ય બીજાઓને મૂર્ખશિરોમણિ ગણી પોતાની જ ધુનમાં અહંભાવ પોષે જાય છે. પોતાના જ નક્કી કીધેલા સિદ્ધાંતો અચુક છે એવો એને ભ્રમ પેદા થાય છે. ભર્તૃહરિ કહે છે 'મને એવો જ ગર્વજ્વર પેદા થયો હતો. પણ જ્યારે જ્ઞાનીઓના સહવાસમાં હું આવ્યો ત્યારે મારો અહંકાર અને વિદ્યાજન્ય ગર્વજ્વર તરત જ ઉતરી ગયો.' જે વિદ્યા કર્મોનો નાશ કરી મનુષ્યમાં વિનય, નમ્રતા, સજ્જનતા, સમભાવ, પરમત સહિષ્ણુતા પેદા કરવા માટે હોવી જોઇએ તેજ વિદ્યાનો સાચો ઉપયોગ હાથમાં ન આવે ત્યારે તેજ વિદ્યાની અનુકૂલ સંવેદના ભયંકર રૂપ ધારણ કરે છે. એ જ્ઞાનની અનુકૂલ સુખમય સંવેદનાએ જગતમાં અનેક અનર્થો પેદા કર્યા છે, અને એ વિદ્યાવાનોએ ઉત્પન્ન કરેલા અનેક ભ્રમો હજુ પણ ઘણાઓના મસ્તકમાં ભ્રમરૂપે દેખાઈ આવે છે. એ ભ્રમો દૂર કરવા જતા અનેક પંડિતોને પણ નિરાશા જ જોવામાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી છે. એટલા માટે જ એ વિદ્યાના એ સુખદ પરિસહો મહા ભયંકર છે એમ, અમો કહીએ છીએ. એકાદ અજ્ઞાનીએ પેદા કરેલો ભ્રમ એટલો દીર્ઘકાલ ટકતો નથી, પણ જ્ઞાની ગણાતા એકાદ વિદ્વાના સંગ્રહ જેવા ગોદામે પેદા કરેલો ભ્રમ લાંબો કાળ નીકળી શકતો નથી. ધર્મને નામે જે અનંત પંથો, ફિરકાઓ, સાંપ્રદાયો અને વાડાઓ પેદા થયા છે એનું પણ કારણ એવા અવળે માર્ગે ચઢી ગએલાઓની વિદ્યાનો અહંકાર એ જ છે. જે જે લોકોએ એવા ભિન્ન મતમતાંતરો અને ભેદો ઉત્પન્ન કરેલા છે તે લોકો જો ફરી જન્મ લ્યે અને પોતાના અનુયાયિઓની પરિસ્થિતિ વિચારે તો તેમને પ્રત્યક્ષ થએલા અનર્થથી કંપારી જ છુટશે. અને અમારા અનુયાયિઓથી અમોને બચાવવા કોઈ આવો એવો પોકાર કરવો પડશે !

અનુકૂલ સુખદ સંવેદનાના દાખલાઓ અમોએ ઉપર બતાવ્યા તેવી જ રીતે બલ, અધિકાર કે વૈભવ માટે પણ સમજી લેવાનું છે. વધુ બલ પેદા થાય ત્યારે નબળાઓને બચાવી લેવા માટે તેનો ઉપયોગ કરવો ઘટે તેને બદલે નબળાઓને કચડી નાખવામાં જ તેનો ઉપયોગ કરવાનું મન થાય છે અને એમ કહી અશુભ કર્મોની પરંપરા ઉત્પન્ન કરવામાં આવે છે. કોઇ જાતનો આધકાર કે વૈભવ મળતા તેનો કંટાળો નહીં આવતા તે ગમી જાય છે અને જે શુભ કર્મોના પરિપાકને લીધે તે પ્રાપ્ત થએલ હોય છે તે કર્મો ભોગવી લઇ તેનો નાશ કરી નવા શુભ કર્મોને બદલે અશુભ કર્મોની પરંપરા ઉભી કરવામાં આવે છે. એકાદ વેપારી પોતાને મળેલ ભંડોળથી દ્રવ્ય પેદા કરવાને બદલે ભંડોળ જ ખાઇ જાય એટલું જ નહીં પણ તે ભંડોળથી અનેક બીનજરૂરી જ નહીં પણ પોતાને નુકસાન કરનારી વસ્તુઓ ખરીદે ત્યારે તે વેપારીને આપણે કેટલો દોષ આપીએ ? એવા મૂર્ખ વેપારી જેવી જ રીતે અનુકૂલ સુખ સંવેદનાનો સાચો ઉપયોગ ઘણા કરી શકતા નથી.

ઉપલા વિવેચન ઉપરથી આપણે સવેળા ચેતી જવાની કેટલી જરૂર છે એ સ્પષ્ટ થાય છે. આપણને મળેલ દ્રવ્ય બીજાઓની અડચણો દૂર કરવા જેવા ધર્મ કે પરોપકારના કાર્યમાં ખર્ચી નાખવુ જોઇએ. આપણને મળેલ વિદ્યા કે જ્ઞાનનો ઉપયોગ આપણા જ બંધુ ભગિનીઓનું અજ્ઞાન દૂર કરવા તરફ કરી લોકોને સમાધાન આપવુ જોઇએ. આપણને પ્રાપ્ત થએલ બલ, વૈભવ કે અધિકારનો ઉપયોગ પરોપકાર માટે જ આપણે કરવો જોઇએ એ વસ્તુ સહજ વિચાર કરતા સમજાય તેવી છે.

સુખ સંવેદના વખતે આપણે વધુ સાવચેત બની જાગૃત રીતે નવા અશુભ કર્મો આપણા હાથે નહી થઈ જાય તેની કાળજી રાખી શુભ કર્મો જ કરતા શીખવુ જોઈએ એ જ આ લેખનો સાર છે. પુણ્યાનુબંધી પુણ્ય બાંધવાની વૃત્તિ જો આપણામાં જાગે તો કેટલી બધી અનર્થ પરંપરામાંથી આપણે બચી જઈશુ એ ધ્યાનમાં રાખવું એ જ આપણી ફરજ છે.

ઈત્યલમ્

પુસ્તકોની પહોંચ

શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથાસારોદ્ધારનું ગુજરાતી અવતરણ ભાગ–૩ પ્રસ્તાવ, ૬–૭–૮ પ્રેરક શ્રી મંગળવિજયજી મૂલ્ય રૂા. ચાર પ્રાપ્તિસ્થાન સોમચંદ ડી. શાહ પાલીતાણા શ્રી સિદ્ધર્ષિગણી વિરચિત શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનુયોગ નો હોવા છતાં એમાં દ્રવ્યાનુયોગનું સુંદર વર્ણન, શબ્દોની વ્યાખ્યા અને કથાની રસધારા છે. આ ગ્રંથ સોળ હજાર શ્લોકના પ્રમાણનો છે. આચાર્ય દેવેન્દ્રસૂરીશ્વરજીએ એમાં સંક્ષેપ કરી " ઉપમિતિભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રપંચાકથા સારોદ્ધાર" ગ્રંથ રચ્યો એનું પ્રમાણ છ હજાર શ્લોકનું છે. તેનો આ ગ્રંથ ગુજરાતીમાં અનુવાદ છે.

કથાનુયોગની ઉપયોગીતા. આર્ય સાહિત્યકારો અને આર્ય સાહિત્યની ઉચ્ચતા મૂળ ગ્રંથની ઉપાદેયતા વગેરે બાબતો ઉપર અનુવાદ કરનારે પ્રસ્તાવનામાં ઘણો પ્રકાશ પાડેલો છે.

આ કથાનક સૌના જીવનમાં ઓછાવત્તા અંશે ઘટે છે સુમતિ જેવા લઘુકર્મી આત્માઓ જલ્દી સમજે છે. અગૃહીતસંકેતા જેવાને બોધ થતાં વાર લાગે છે. આપણે કર્મોથી ચેતવા જેવું છે અને આત્મશ્રેય સાધવું ઘટે. આ ગ્રંથ દ્વારા ભવ્યાત્માઓને ભવભીરૂતા પ્રગટે એજ અવતરણકારની અંતરની અભીપ્સા છે. મુમુક્ષુએ આ ગ્રંથ ખાસ વાંચવા અને મનન કરવા યોગ્ય છે.

ભક્તિ સૌરભ યાને પર્વકથાઓ સંપાદક : મુની શ્રી રૂચકવિજયજી પ્રકાશકો : રાયચંદ મગનલાલ શાહ અને શાંતિલાલ મણિલાલ શાહ, મુંબઇ.

દરેક ધર્મમાં પર્વ–તહેવારોનું ખાસ મહત્વ હોય છે. જૈન ધર્મ એ ત્યાગ પ્રધાન ધર્મ હોવાથી તેના પ્રત્યેક તહેવાર પૌદગલિક સુખ, વૈભવ, વિલાસ કે મોજમજાહ માટે નહિ પરંતુ આધ્યાત્મિક સુખની પ્રાપ્તી માટે હોય છે તેથી સાધકે પર્વના દિવસોએ વિષય સુખનો ત્યાગ કરવો, રાગ દ્વેષ ઘટાડવા, ક્રોધ, માન, માયા લોભનો ત્યાગ કરવો અને ધર્મની આરાધના કરવી જરૂરી છે.

પ્રાત: સ્મરણિય પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયભક્તિસૂરીનું સંપૂર્ણ જીવનચરિત્ર આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

આ પુસ્તકમાં જ્ઞાનપંચમી, કાર્તકીપૂનમ, મૌન એકાદશી, મેરૂ તેરશ વગેરે મોટી પર્વતિથીઓની કથાઓ આપવામાં આવી છે જે વાંચવાથી પર્વતિથીઓનો મહિમા સહેલાઇથી સમજાશે.

વ્યાખ્યાન સંગ્રહ (ભાગ ૨જો) :

વ્યાખ્યાનકાર : પૂ. પાઠકપ્રવર શ્રી હંસસાગરજી મહારાજ, પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન– શાહ મોતીચંદ દીપચંદ, મુ૦ ઠળીયા. વાયા : તળાજા કિંમત : રૂા. ૮–૦૦.

યાકિની મહત્તરાસૂનુ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજીએ શ્રી અષ્ટક પ્રકરણ નામનો અભૂતપૂર્વ ગ્રંથ રચેલ છે. તેમાં વિવિધ વિષયો પર ૩૨ અષ્ટકો આપવામાં આવેલ છે. પ્રસ્તુત ગ્રંથરત્નની પૂ આચાર્ય શ્રી અભયદેવસૂરીશ્વરજીએ વિદ્વદ્ભોગ્ય સુંદર ટીકા રચેલ છે. વિ. સં. ૨૦૨૦ના રાજકોટ ચાતુર્માસમાં પૂ ઉપાધ્યાય શ્રી હંસસાગરજીએ વ્યાખ્યાનમાં શ્રી અષ્ટક પ્રકરણ ગ્રંથ પર વ્યાખ્યાનો આપ્યા હતા. આ વ્યાખ્યાન સંગ્રહમાં અષ્ટક પ્રકરણમાંના પાંચમા ભિક્ષાષ્ટકના શ્લોક ૬ઠ્ઠા થી તેરમા "ધર્મવાદાષ્ટક" સુધીના ક્રમાંક ૩૭ થી ૮૧ વ્યાખ્યાનો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ વ્યાખ્યાન સંગ્રહો જિજ્ઞાસુએ ખાસ વાંચવા લાયક છે.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only